તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું મેગેઝિન

# ઓક્ટોબર 2025 Part 1

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ


ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ


CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO/નાયબ મામ. | ક્લર્ક | તલાટી | કોન્સ્ટેબલ

CCE | TAT | TET | HTAT

7600051070

# Most Imp Current Affairs – 1 TO 15 October 2025

- તેલંગાણાના **બાથુકમ્મા ઉત્સવને** બે નવા ગિનિસ વર્લ્ડ રેકોર્ડ આપવામાં આવ્યા. આ કાર્યક્રમ હૈદરાબાદના સરૂરનગર સ્ટેડિયમ ખાતે યોજાયો હતો. એક રેકોર્ડ સૌથી મોટા બાથુકમ્મા ફૂલોના બુકેને આપવામાં આવ્યો. તેનું વજન આશરે સાત ટન હતું. આ બુકે 63.11 ફૂટ ઊંચું અને 11 ફૂટ પહોળું બનાવવામાં આવ્યું હતું. બીજો રેકોર્ડ બાથુકમ્મા નૃત્ય પ્રદર્શનને આપવામાં આવ્યો. આ નૃત્યમાં કુલ 1354 મહિલાઓએ ભાગ લીધો હતો. આ બુકે સ્થાનિક 300 કારીગરો દ્વારા બનાવવામાં આવ્યું હતું. તેમણે ધાતુ, વાંસ અને તાજા ફૂલોનો ઉપયોગ કરીને 72 કલાકમાં તેનું નિર્માણ કર્યું હતું.
- ટેલર ફ્રિટ્ઝને હરાવી વિશ્વના નંબર વન ખેલાડી **કાર્લોસ અલ્કારાઝે** ટોક્યોમાં જાપાન ઓપન ફાઇનલ જીતી.
- માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે એક નવો સલામતી નિયમ પ્રસ્તાવિત કર્યો છે. તેનો ઉદ્દેશ્ય તમામ ઇલેક્ટ્રિક વાહનો માટે **એકોસ્ટિક વ્હીકલ એલર્ટ સિસ્ટમ (AVAS)** ફરજિયાત બનાવવાનો છે. આ નિયમ 1 ઓક્ટોબર, 2027 થી અમલમાં આવવાનો પ્રસ્તાવ છે. ઇલેક્ટ્રિક વાહનો ખૂબ જ શાંત હોય છે તેથી પસાર થતાં ઇલેક્ટ્રિક વાહનો બાબતે અંદાજો રહેતો ન હોવાથી અકસ્માતો સર્જાવાની ઘટનાઓ બને છે. આ સિસ્ટમ ઓટોમોટિવ ઇન્ડસ્ટ્રી સ્ટાન્ડર્ડ (AIS) 173માં ઉલ્લેખિત શ્રાવ્યતા ધોરણોને પૂર્ણ કરવા માટે સક્ષમ બનાવવામાં આવશે.
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિના બોડી ગાર્ડ (PBG)ને ડાયમંડ જ્યુબિલી સિલ્વર બ્યુગલ અને ધ્વજ અર્પણ કર્યો. 1950માં રાષ્ટ્રપતિના અંગરક્ષક તરીકે રેજિમેન્ટને નિયુક્ત કરવામાં આવ્યાના **75 વર્ષ** પૂર્ણ થવાના પ્રસંગે આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 2022માં નિવૃત થયેલ **વિરાટ નામના ઘોડાની** પણ ઉપસ્થિતિ જોવા મળી. નિવૃત્તિ પછી રેજિમેન્ટ દ્વારા વિરાટને દત્તક લેવામાં આવ્યો હતો. અગાઉ, 2022 ના પ્રજાસત્તાક દિવસની પરેડ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઘોડાને થપથપાવવાની ઘટનાએ રાષ્ટ્રીય ધ્યાન ખેંચ્યું હતું. પીબીજીને ભારતીય સેનાની સૌથી જૂની રેજિમેન્ટ માનવામાં આવે છે, જેની સ્થાપના **1773માં** થઇ હતી. સિલ્વર ટ્રમ્પેટ અને ટ્રમ્પેટ ધ્વજ આપવાની પરંપરા 1957માં રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદથી શરૂ થઇ હતી. પીબીજી એ આર્મીની એકમાત્ર રેજિમેન્ટ છે જેને રાષ્ટ્રપતિનો ધ્વજ અને રેજિમેન્ટલ ધ્વજ બંને લહેરાવવાની પરવાનગી છે.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા 1 ઓક્ટોબરને **આંતરરાષ્ટ્રીય વૃદ્ધ જન દિવસ** તરીકે ઉજવવામાં આવ્યો.
- વિશ્વ શાકાહારી દિવસ **1 ઓક્ટોબર**ના રોજ મનાવાય છે. વર્ષ 2025ની થીમ **'Eat with Purpose: Sustainable living'** (ટકાઉ જીવન માટે હેતુપૂર્વક ખાઓ).
- ઇંગ્લેન્ડના ઓલ રાઉન્ડર ક્રિકેટર ક્રિસ વોક્સ દ્વારા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરવામાં આવી.

- સ્પેનના **બાર્સેલોનામાં** યુનેસ્કોના મોડિયાકલ્ટ 2025 કોન્ફરન્સમાં કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું.

- **પોસ્ટ વિભાગે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પેકેજિંગ સાથે કરાર કર્યો.** તેનો ઉદ્દેશ્ય પોસ્ટલ સેવાઓમાં પર્યાવરણને અનુકૂળ પેકેજિંગ સોલ્યુશન્સને પ્રોત્સાહન આપવાનો છે. આ એમઓયુ પર પોસ્ટ વિભાગના ડૉ. સુધીર જાખરે અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ પેકેજિંગના ડૉ. બાબુ રાવ ગુડુરીએ હસ્તાક્ષર કર્યા હતા. આ ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ્ય પરંપરાગત પેકેજિંગ બોક્સ અને કાપડના રેપરને બદલાવીને ટકાઉ અને નવા વિકલ્પો લાવવાનો છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પેકેજિંગ એવું પેકેજિંગ ડિઝાઇન કરશે જે હલકું, ટકાઉ અને ઉપયોગમાં સરળ હોય. આ નવું પેકેજિંગ પ્રવાહી સહિત હવાઈ પરિવહન માટે પણ યોગ્ય રહેશે.

- 2 ઓક્ટોબર 2025ના **156મી** ગાંધી જયંતી ઉજવવામાં આવી. વિશ્વભરમાં આ દિવસ **આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ** તરીકે ઉજવવામાં આવે છે. મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ ગુજરાતના પોરબંદર ખાતે થયો હતો. ગાંધીજી સત્યાગ્રહ અને અહિંસાના પ્રબળ અનુયાયી હતા. હિંદ સ્વરાજ, સત્યના પ્રયોગો, હરિજન, યંગ ઇન્ડિયા તેમનાં મહત્ત્વનાં પુસ્તકો છે. વર્ષ 1930માં ટાઇમ મેગેઝિન દ્વારા તેમને વર્ષના સર્વશ્રેષ્ઠ વ્યક્તિ જાહેર કરવામાં આવ્યા હતા. વર્ષ 1932માં ગાંધીજીએ હરિજન સેવક સંઘની સ્થાપના કરી હતી.

- 2 ઓક્ટોબરના રોજ **121મી** લાલબહાદુર શાસ્ત્રી જયંતી ઉજવવામાં આવી. લાલ બહાદુર શાસ્ત્રીનો જન્મ 1904માં ઉતરપ્રદેશના વારાણસી નજીક આવેલાં મુઘલસરાય ખાતે થયો હતો.

- આરબીઆઇ ટૂંક સમયમાં વેપારી વેપાર વ્યવહારો માટે વિદેશી વિનિમય ખર્ચ સમયગાળો ચારથી વધારીને છ મહિના કરવા માટે નવી માર્ગદર્શિકા જારી કરશે. RBI દ્વારા IFSC બેંકિંગ એકમોમાં વિદેશી ચલણ ખાતાઓમાં ભંડોળ પરત મેળવવાનો સમયગાળો પણ એક મહિનાથી વધારીને ત્રણ મહિના કરવામાં આવ્યો છે. આનાથી નિકાસકારોને IFSC ખાતા ખોલવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે અને ત્યાં વિદેશી હૂંડિયામણની તરલતા વધશે. 10 લાખ રૂપિયા સુધીના બિલ માટે, નિકાસકારો અને આયાતકારો હવે ચુકવણીની રસીદ સબમિટ કરીને બિલ બંધ કરી શકે છે.

- 2 ઓક્ટોબરના રોજ 1 લાખથી વધુ આદિવાસી અને અન્ય ગામડાઓમાં **ગ્રામસભા** આયોજિત કરવામાં આવી. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય આદિવાસી ગ્રામ વિઝન 2030 બાબતે લોકોને માહિતગાર કરવાનો હતો. વર્ષ 2024ના 15 નવેમ્બરથી વર્ષ 2025ના 15 નવેમ્બર સુધીના સમયગાળાને સરકારે આદિવાસી ગૌરવ વર્ષ તરીકે જાહેર કર્યો છે. આ ખાસ વર્ષ આદિવાસી ગૌરવ અને સંસ્કૃતિની ઉજવણી અને સન્માન કરવાનું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 17 સપ્ટેમ્બરના રોજ **આદિ કર્મયોગી અભિયાન અને આદિ સેવા પર્વ**ની શરૂઆત કરી હતી. આ કાર્યક્રમોનો ઉદ્દેશ્ય સમુદાય ભાગીદારી, જવાબદાર શાસન અને યુવા નેતૃત્વને પ્રોત્સાહન આપવાનો છે. તેમજ દરેક ગામમાં આવશ્યક જાહેર સેવાઓ પૂરી પાડવા માટે એક આદિ સેવા કેન્દ્ર સ્થાપિત કરવામાં આવશે.

- **2થી 8 ઓક્ટોબર** દરમિયાન **વન્યજીવ સપ્તાહ** મનાવવામાં આવે છે. આ વર્ષની ઉજવણી દરમિયાન કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે **હરિયાણાના માનેસર ખાતે** નમો વનના ઉદ્ઘાટન સાથે આ સપ્તાહની ઉજવણીની શરૂઆત કરી. વર્ષ 2025માં આ સપ્તાહ **'સેવા પર્વ'** થીમ સાથે ઉજવવામાં આવ્યું.

- પ્રખ્યાત હિંદુસ્તાની શાસ્ત્રીય ગાયક અને પદ્મ વિભૂષણ વિજેતા **પંડિત છન્નુલાલ મિશ્રનું** ઉત્તરપ્રદેશના મિરઝાપુર ખાતે નિધન થયું. તેઓ **ખયાલ, ઠુમરી, દાદરા, ચૈતી, કજરી અને ભજન** જેવી શૈલીઓની ગાયકી માટે પ્રખ્યાત હતા. તેઓએ તેમના પિતા અને એ સિવાય કીરાના ઘરાનાના ઉસ્તાદ અબ્દુલ ગની ખાન પાસેથી શિક્ષણ મેળવ્યું હતું.

- આયુષ મંત્રાલયે રાષ્ટ્રીય ધનવંતરી પુરસ્કાર **2025** એનાયત કર્યા. પુરસ્કાર મેળવનારાઓમાં **પ્રો. બનવારી લાલ ગૌર, વૈદ્ય નીલકંઠન મૂસ ઇ.ટી. અને વૈદ્ય ભાવના પ્રાશર**નો સમાવેશ થાય છે.

  ✓ **પ્રો. બનવારીલાલ ગૌર** છ દાયકાથી વધુ સમયથી આયુર્વેદિક શિક્ષણ અને સંસ્કૃત શિષ્યવૃત્તિમાં તેમના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમણે 300 થી વધુ શૈક્ષણિક કૃતિઓ લખી, જેમાં 31 પુસ્તકો, સંસ્કૃતમાં 319 પ્રકાશનોનો સમાવેશ થાય છે અને ઘણા પીએચડી અને અનુસ્નાતક વિદ્વાનોને માર્ગદર્શન આપ્યું.

  ✓ **વૈધરત્નમ ગ્રુપના વડા વૈધ નીલકંઠન મૂસ ઇ.ટી.** 200 વર્ષ જૂનો આયુર્વેદિક વારસો ધરાવતા પરિવારની આઠમી પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ 100 થી વધુ ચિકિત્સકોની ટીમનું નેતૃત્વ કરે છે કેરળની શાસ્ત્રીય આયુર્વેદિક પદ્ધતિઓને રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે ફેલાવવામાં યોગદાન આપ્યું છે.

  ✓ **CSIR-IGIB વૈજ્ઞાનિક વૈધ ભાવના પરાશરને** આયુર્જેનોમિક્સ ક્ષેત્રમાં તેમના અગ્રણી કાર્ય માટે સન્માનિત કરવામાં આવ્યા છે. તેમનું સંશોધન પ્રકૃતિ અને ત્રિદોષ જેવા પરંપરાગત આયુર્વેદિક ખ્યાલોને આધુનિક જીનોમિક વિજ્ઞાન સાથે જોડાયેલું છે. આયુષ મંત્રાલય દ્વારા સ્થાપિત આ પુરસ્કારોને પરંપરાગત ભારતીય ચિકિત્સા ક્ષેત્રના સર્વોચ્ચ સન્માનોમાંનો એક ગણવામાં આવે છે.

- વરિષ્ઠ સમાજવાદી અને **સ્વતંત્રતા સેનાની જી. જી. પરીખ**નું નિધન થયું. તેઓએ ભારત છોડો આંદોલન તેમજ મજૂર આંદોલનમાં સક્રિય રીતે ભાગ ભજવ્યો હતો. તેમણે મહારાષ્ટ્રના રાયગઢ ખાતે યૂસુફ મેહરઅલી કેન્દ્રની સ્થાપના કરી હતી જે વર્તમાનમાં વિવિધ 12 રાજ્યોમાં સ્થાપિત છે. આ કેન્દ્રનો ઉદ્દેશ્ય સ્થાનિક યુવાનોને સશક્ત બનાવવા અને તેમને સ્થાનિક રોજગાર અપાવવાનો છે.

- લેફ્ટનન્ટ **જનરલ વીરેન્દ્ર વત્સે** રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ (NCC)ના નવા ડિરેક્ટર જનરલ તરીકે કાર્યભાર સંભાળ્યો. તેમણે લેફ્ટનન્ટ જનરલ ગુરબીરપાલ સિંહનું સ્થાન લીધું. **'એકતા અને શિસ્ત'ના સૂત્ર** સાથે, NCC વિકસિત ભારત@2047 ના વિઝન સાથે કદમ મિલાવીને આગળ વધી રહ્યું છે.

- ભારત ICAO કાઉન્સિલના ભાગ II માટે ફરીથી ચૂંટાયું. આ ચૂંટણી મોન્ટ્રીયલમાં 42મી આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન (ICAO) એસેમ્બલી દરમિયાન થઈ હતી. ભારત 1944થી ICAOનું સ્થાપક સભ્ય છે. ICAO એસેમ્બલી દર ત્રણ વર્ષે યોજાય છે. તેમાં શિકાગો સંમેલનમાં સહી કરનારા તમામ 193 દેશો ભાગ લે છે. એસેમ્બલી ICAO ના ગવર્નિંગ બોડી તરીકે સેવા આપવા માટે 36 સભ્યોની કાઉન્સિલની પસંદગી કરે છે. દરેક કાઉન્સિલ સભ્ય ત્રણ વર્ષનો કાર્યકાળ ધરાવે છે.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC

- ભારતીય વેઇટલિફ્ટર **મીરાબાઈ ચાનુએ** નોર્વેના ફોર્ડમાં આયોજિત વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મહિલાઓની 48 કિગ્રા શ્રેણીમાં **સિલ્વર** મેડલ જીત્યો.

- ભારતીય રિઝર્વ બેંકે **વેઝ એન્ડ મીન્સ એડવાન્સિસ (WMA)** પર ₹ 50,000 કરોડની મર્યાદા નક્કી કરી છે. WMA એ RBI દ્વારા પૂરી પાડવામાં આવતી ટૂંકા ગાળાની લોન સુવિધા છે. તે કેન્દ્ર, રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રોકડની અછતને દૂર કરવામાં મદદ કરે છે. એકવાર WMA મર્યાદાના 75%નો ઉપયોગ થઈ જાય, પછી RBI બજારમાંથી નવેસરથી ઉધાર લેવાનું શરૂ કરી શકે છે. જરૂર પડ્યે RBI અને સરકાર બંને આ મર્યાદામાં સુધારો કરી શકે છે.

- વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંહે **'વિંગ્સ ઓફ વેલર'** પુસ્તકનું વિમોચન કર્યું. આ પુસ્તક **સ્વપ્નિલ પાંડે** દ્વારા લખવામાં આવ્યું છે. પુસ્તકમાં ભારતીય વાયુસેનાના સૌથી સાહસિક અભિયાનોની વિગતો લખવામાં આવી છે. ખાસ આ પુસ્તકમાં ઓપરેશન સિંદૂરની વિગતો અને વિવિધ ઓપરેશનોમાં પડદા પાછળ રહીને કામ કરેલા લોકોને બિરદાવવામાં આવ્યા છે. પુસ્તકનું પ્રકાશન **હાર્પર કોલિન્સ** દ્વારા કરવામાં આવ્યું છે.

- તમિલનાડુના ગ્રાન્ડમાસ્ટર **પી. ઈનિયાને** 62મી રાષ્ટ્રીય ચેસ ચેમ્પિયનશિપ જીતી. આ ટુર્નામેન્ટ આંધ્રપ્રદેશના ગુંટુરમાં યોજાઈ હતી. તે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અપરાજિત રહ્યો.

- ઉત્તર મધ્ય વિયેતનામમાં **બુઆલોઈ** વાવાઝોડાએ ભારે તબાહી મચાવી.

- **એલોન મસ્ક** ઇતિહાસમાં એવા પ્રથમ વ્યક્તિ બન્યા છે જેમની કુલ સંપત્તિ ટૂંકા ગાળા માટે **$ 500 બિલિયન** સુધી પહોંચી ગઈ હોય. મસ્ક ટેસ્લામાં 12% હિસ્સો ધરાવે છે, જેની કિંમત 1.5 ટ્રિલિયન ડોલરથી વધુ છે, અને આ વર્ષે ઇલેક્ટ્રિક કાર નિર્માતા કંપનીના શેરના ભાવમાં વધારો થતાં તેમની સંપત્તિમાં વધારો થયો છે. મસ્કના નેતૃત્વ હેઠળની બીજી કંપની, સ્પેસએક્સનું મૂલ્ય આશરે $ 400 બિલિયન છે. તેઓ સ્પેસએક્સમાં 42% હિસ્સો ધરાવે છે.

- વિશ્વ હરિત અર્થવ્યવસ્થા શિખર સંમેલન **દુબઇ** ખાતે આયોજિત થયું. આ સમિટ **'ઇનોવેશન ફોર ઇમ્પેક્ટ: એક્સિલરેટિંગ ધ ફ્યુચર ઓફ ધ ગ્રીન ઇકોનોમી'** થીમ પર યોજાઈ હતી. આ આયોજનમાં પાણી, ઊર્જા, ટેકનોલોજી અને પર્યાવરણ જેવા મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવી. આરબ ફાઉન્ડેશન ફોરમના સીઈઓ **નૈલા ફારૂકીએ** પ્રાદેશિક આબોહવા પ્રતિબદ્ધતાઓના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો.

- **4 ઓક્ટોબરના** વિશ્વ પ્રાણી દિવસ મનાવવામાં આવે છે. ફ્રાન્સના પ્રાણીઓના આશ્રયદાતા સંત શ્રી **ફ્રાન્સિસ એસીસીની** યાદમાં પ્રાણીઓના અધિકાર અને કલ્યાણ માટે જાગૃતિ ફેલાવવા આ દિવસ મનાવાય છે. વર્ષ 2025ની **થીમ 'Save Animals, Save the Planet'** છે.

- મહિલા અને બાળ વિકાસ મંત્રાલય હેઠળની સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટી (CARA) નવેમ્બરમાં એક મહિના સુધી **દત્તક જાગૃતિ અભિયાન** ચલાવશે. આ વર્ષની **થીમ 'વિશેષ જરૂરિયાતો ધરાવતા બાળકો (વિકલાંગ બાળકો)નું બિન-સંસ્થાકીય પુનર્વસન'** છે. આ ઝુંબેશ ખાસ જરૂરિયાતો ધરાવતાં બાળકોને દત્તક લેવાના પ્રોત્સાહન માટે સમર્પિત છે.

- 5 ઓક્ટોબરના રોજ **રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ** મનાવવામાં આવે છે.

- 5 ઓક્ટોબરના રોજ **વિશ્વ શિક્ષક દિવસ** મનાવવામાં આવે છે. સંયુકત રાષ્ટ્રમાં આ દિવસ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવવા માટે 1994માં 100 દેશોના સમર્થન સાથે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

- ભારતે કોમ્પ્રેસ્ડ બાયોગેસ અને પોટાશ ગ્રાન્યુલ્સ ઉત્પાદન માટે તેનો પ્રથમ સહકારી સંચાલિત પ્રોજેક્ટ શરૂ કર્યો. આ પ્રોજેક્ટ **મહારાષ્ટ્રના અહિલ્યાનગર જિલ્લાના કોપરગાંવ** ખાતે સહકાર મહર્ષિ શંકરરાવ કોલ્હે કોઓપરેટિવ સુગર મિલમાં સ્થિત છે. આ મિલ તેના સંચાલનમાંથી CNG અને પોટાશ બંનેનું ઉત્પાદન અને માર્કેટિંગ કરશે.

- **ભારત અને બ્રિટન** વચ્ચે નૌસૈનિક અભ્યાસ **કોંકણ 2025નું** ભારતના પશ્ચિમી તટ પર આયોજન કરવામાં આવ્યું. બ્રિટનના **કેરિયર સ્ટ્રાઇક ગ્રુપ** દ્વારા આ અભ્યાસમાં ભાગ લેવામાં આવ્યો. ભારતે સ્વદેશ નિર્મિત **INS વિક્રાંત** આ અભ્યાસમાં સામેલ કર્યું હતું.

- **ICGS અક્ષરને** અધિકૃત રીતે **કરાઈકલ, પુડુચેરી ખાતે ભારતીય કોસ્ટ ગાર્ડમાં કમિશન** કરવામાં આવ્યું. ICGS અક્ષર એ ઇન્ડોમિટેબલ ક્લાસના ફાસ્ટ પેટ્રોલ જહાજોમાં બીજું જહાજ છે. આ જહાજ **ગોવા શિપયાર્ડ લિમિટેડ (GSL) દ્વારા ડિઝાઇન** કરવામાં આવ્યું છે. કમિશનિંગ સમારોહનું નેતૃત્વ સંરક્ષણ મંત્રાલયના અધિક સચિવ દીપ્તિ મોહિલ ચાવલાએ કર્યું હતું. ICGS અક્ષર 51 મીટર લંબાઈ ધરાવે છે અને તેનું વજન આશરે 320 ટન છે. તે બે 3,000 kW ડીઝલ એન્જિન દ્વારા સંચાલિત છે. આ **જહાજ 27 નોટ સુધીની ઝડપે** વહન કરી શકે છે અને તેની ઓપરેશનલ રેન્જ 1,500 નોટિકલ માઇલ છે. આ જહાજ 30 મીમી સીઆરએન 91 ગનથી સજ્જ છે. તેમાં બે 12=7 મીમી સ્ટેબિલાઈઝ્ડ રિમોટ-કંટ્રોલ્ડ ગન (એસઆરસીજી) પણ છે. **સંસ્કૃતમાં 'અક્ષર' નામનો અર્થ 'શાશ્વત' અથવા 'અવિનાશી'** થાય છે. તે સુરક્ષિત સમુદ્રો પ્રત્યે કોસ્ટ ગાર્ડની સ્થાયી પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.

- ભારતીય નૌકાદળ દ્વારા વિશાખાપટ્ટનમના નેવલ ડોકયાર્ડ ખાતે બીજું એન્ટિ-સબમરીન વોરફેર **શેલો વોટર ક્રાફ્ટ (ASW-SWC)**, **INS એન્ડ્રોથને** કાર્યરત કરવામાં આવ્યું હતું. વાઇસ એડમિરલ રાજેશ પેંઢારકરના નેતૃત્વ હેઠળ વિશાખાપટ્ટનમના નેવલ ડોકયાર્ડ ખાતે કમિશનિંગ સમારોહ યોજાયો હતો. INS એન્ડ્રોથનું નિર્માણ ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE), કોલકાતા દ્વારા કરવામાં આવ્યું છે. આ જહાજ દરિયાકાંઠાના પાણીમાં ભારતની સબમરીન વિરોધી યુદ્ધ ક્ષમતાઓને મજબૂત બનાવવા માટે રચાયેલ છે.

- પૂર્વી **લદાખમાં મિગ લા પાસ ખાતે વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ** બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન (BRO) દ્વારા બનાવવામાં આવ્યો. આ રસ્તો 19,400 ફૂટની ઊંચાઇ પર આવેલો છે, જેણે ઉમલિંગ લા (14,024 ફૂટ)ના અગાઉના રેકોર્ડને તોડ્યો છે. BRO અધિકારીઓએ જણાવ્યું હતું કે આ રસ્તો પડકારજનક ઊંચાઈવાળા વિસ્તારોમાં આખું વર્ષ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરે છે. ચીન અને પાકિસ્તાનની સરહદ પર લદાખનું સ્થાન આ માળખાકીય સુવિધાઓના વિકાસને અત્યંત મહત્ત્વપૂર્ણ બનાવે છે. આ રસ્તો શિયાળામાં હવાઈ પરિવહન પરની નિર્ભરતા ઘટાડશે અને ફોરવર્ડ પોસ્ટ્સ પર લોજિસ્ટિક્સ સપ્લાયમાં સુધારો કરશે. BRO હવે વિશ્વના 14 સૌથી ઊંચા મોટરેબલ પાસમાંથી 11 પર નિયંત્રણ ધરાવે છે, જે ઊંચાઈવાળા બાંધકામમાં તેનું વર્ચસ્વ દર્શાવે છે.

- **ગોવા** ખાતે અમિત શાહ દ્વારા **મહાજે ઘર યોજના** શરૂ કરવામા આવી. મહાજે ઘર યોજનાને પ્રધાનમંત્રી મોદીના નાગરિક-કેન્દ્રિત અને સુધારા-લક્ષી શાસન મોડેલના પ્રતિબિંબ તરીકે વર્ણવવામાં આવ્યું છે. આ

યોજના હજારો ગોવાના લોકોને ઘર માલિકીના અધિકારો પ્રદાન કરે છે જેમની જમીન અગાઉ કાનૂની વિવાદોમાં ફસાયેલી હતી. આ પહેલ હેઠળ, 10 લાખથી વધુ નાગરિકોને માલિકી હકો આપવામાં આવ્યા છે.

- કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ દ્વારા **અલવર** ખાતે **રાજસ્થાનના પ્રથમ 'નમો બાયોડાયવર્સિટી પાર્ક'**નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.
- ઐતિહાસિક **મહિલા બ્લાઇન્ડ ક્રિકેટ ટુર્નામેન્ટ** નવેમ્બરમાં આયોજિત થશે. ભારત અને શ્રીલંકા સંયુક્ત રીતે બ્લાઇન્ડ ક્રિકેટ માટેનો પ્રથમ મહિલા T20 વર્લ્ડ કપનું આયોજન કરશે.
- છઠ્ઠા ગ્લોબલ ફિન્ટેક ફેસ્ટનું **મુંબઈ** ખાતે આયોજન કરવામાં આવ્યું. આ વર્ષની થીમ **'AI દ્વારા સંચાલિત વધુ સારા વિશ્વ માટે નાણાકીય સશક્તિકરણ'** છે.
- સરદાર પટેલની 150મી જન્મ જયંતિના ઉપલક્ષ્યમાં યુવા બાબત અને રમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ **નવી દિલ્હી** ખાતે **સરદાર@150 એકતા માર્ચનો** શુભારંભ કર્યો. સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઓક્ટોબર, 1875ના રોજ ગુજરાતના નડિયાદ ખાતે થયો હતો.
- વર્ષ 2025નો **મેડિસિનનો** નોબેલ પુરસ્કાર **મેરી ઇ. બ્રુન્કો, ફ્રેડ રામસ્ડેલ અને સિમોન સકાગુચીને** આપવામાં આવ્યો. **રોગપ્રતિકારક શક્તિના કોષો શરીરના કોષો પર હુમલો કરવાનું કેવી રીતે ટાળે છે** તે સુનિશ્ચિત કરવા અંગે કરાયેલા સંશોધન બદલ આ પુરસ્કાર આપવામાં આવ્યો છે. આ સંશોધનથી રોગપ્રતિકારક શક્તિ, કેન્સર અને અંગપ્રત્યારોપણ સંબંધિત સમસ્યાઓનો ઉકેલ મળશે. વર્ષ **2024માં** મેડિસિનનો નોબેલ પુરસ્કાર **વિક્ટર એમ્બ્રોસ અને ગૈરી રુવકુનને** આપવામાં આવ્યો હતો. તેમણે માઇક્રો RNA પરના સંશોધન માટે આ પુરસ્કાર મેળવ્યો હતો .
- આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA) એ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે વિશ્વ આવાસ દિવસ 2025 ની ઉજવણી કરી.આ કાર્યક્રમ **'સંકટના શહેરી ઉકેલો'** થીમ પર આધારિત હતો. જે સ્થિતિસ્થાપક, સમાવિષ્ટ અને ટકાઉ શહેરોના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. દર વર્ષે **ઓક્ટોબરનો પહેલો સોમવાર વિશ્વ આવાસ દિવસ** તરીકે ઉજવવામાં આવે છે.
- CPA (કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશન) ઇન્ડિયા રિજન, ઝોન-III પ્લેનરી કોન્ફરન્સ **કોહિમામાં** યોજાશે.
- 7 ઓક્ટોબરના રોજ વિશ્વ કપાસ દિવસ મનાવવામાં આવે છે.
- પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ અને **ભાસ્કરાચાર્ય નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લિકેશન્સ એન્ડ જીઓ-ઇન્ફોર્મેટિક્સ (BISAG-N) વચ્ચે એક સમજૂતી** કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ સહયોગનો ઉદ્દેશ્ય જળ જીવન મિશન અને સ્વચ્છ ભારત મિશન માટે GIS સંકલિત નિર્ણય-સહાય પ્લેટફોર્મ વિકસાવવાનો છે. આ પ્લેટફોર્મ ગ્રામીણ પાણી અને સ્વચ્છતા પ્રોજેક્ટ્સના ડિજિટલ દેખરેખ, આયોજન અને મૂલ્યાંકનને મજબૂત બનાવશે. જળ જીવન મિશનના સંયુક્ત સચિવ સ્વાતિ મીના નાઈક અને BISAG-Nના સ્પેશિયલ ડાયરેક્ટર જનરલ વિનય ઠાકુરે MoU પર હસ્તાક્ષર કર્યા. BISAG-N ડેટાબેઝ ડિઝાઇન, નકશા બનાવટ અને સોફ્ટવેર વિકાસ સહિત સંપૂર્ણ ટેકનિકલ સહાય પૂરી પાડશે.

- વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2025ની 12મી આવૃત્તિ નવી દિલ્હીમાં પૂર્ણ થઈ, જેમાં **ભારતે 6 ગોલ્ડ, 9 સિલ્વર અને 7 બ્રોન્ઝ મેડલ** સહિત **22 મેડલ** જીત્યા. યજમાન ભારત આ ચેમ્પિયનશિપમાં 10મા સ્થાને રહ્યું, જે ચેમ્પિયનશિપના ઇતિહાસમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન છે**. શૈલેષ કુમારે** પુરુષોની હાઈ જમ્પ T63 શ્રેણીમાં ભારતનો **પહેલો ગોલ્ડ મેડલ** જીત્યો અને એક નવો એશિયન રેકોર્ડ બનાવ્યો. બે વખતના પેરાલિમ્પિક ભાલા ફેંક ચેમ્પિયન સુમિત એન્ટિલે પોતાનો ત્રીજો વર્લ્ડ ચેમ્પિયનશિપ ગોલ્ડ મેડલ જીત્યો, જે ભારતીય પેરા-એથ્લીટ દ્વારા સૌથી વધુ છે. આ પરિણામ સાથે, વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતના કુલ મેડલ 67 (19 ગોલ્ડ, 24 સિલ્વર અને 24 બ્રોન્ઝ) થયા. આ મેડલની યાદીમાં બ્રાઝિલ પ્રથમ સ્થાને છે.

- કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે **વિશાખાપટ્ટનમ** બંદર પર ભારતની તેની પ્રથમ મુલાકાત પર **મોટા ગેસ કેરિયર (VLGC) જહાજ, શિવાલિક**ને લીલી ઝંડી આપી. આ જહાજ LPG કાર્ગોનો માલ પહોંચાડશે. જેનાથી ભારતની ગેસ પરિવહન ક્ષમતાઓમાં મોટો વધારો થશે.

- ફ્રાન્સીસી વડાપ્રધાન **સેબાસ્ટિયન લેકોર્નુંએ** પદ ગ્રહણ કર્યાના માત્ર 26 દિવસમાં જ પદ છોડ્યું. તેમના નવા રચાયેલા મંત્રીમંડળને રાષ્ટ્રીય સભામાં વિવિધ રાજકીય પક્ષો તરફથી આકરી ટીકાનો સામનો કરવો પડ્યો. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને વધતી અશાંતિને દૂર કરવા સેના જનરલ રૂપીન ફર્ટુનેટ જાફિસમ્બોને વડાપ્રધાન નિયુક્ત કર્યા પરંતુ, આંદોલનકર્તાઓએ જનરલની નિમણૂકને નકારી કાઢી. પાણીની અછત અને વીજળી કાપ જેવા મુદ્દાઓ પર સપ્ટેમ્બરમાં આ વિરોધ પ્રદર્શનો શરૂ થયાં હતાં. સતત ભ્રષ્ટાચાર અને ઉચ્ચ બેરોજગારીએ જાહેર જનતાના આંદોલનને વેગ આપ્યો હતો.

- **લીથોઈ ચેનમ્બમે** જુડો જુનિયર વિશ્વ ચેમ્પિયનશિપમાં ભારતના પ્રથમ મેડલ સાથે ઇતિહાસ રચ્યો. તેણીએ પેરુના લીમામાં યોજાયેલી સ્પર્ધામાં મહિલાઓની 63 કિગ્રા શ્રેણીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.

- વિશ્વ બેંકે નાણાકીય વર્ષ 2026 માટે ભારતના વિકાસનું અનુમાન વધારીને 6.5% નિર્ધારિત કર્યું.

- કેન્દ્રીય મંત્રી મંડળની આર્થિક બાબતોની સમિતિએ ચાર મુખ્ય રેલવે પરિયોજનાઓને મંજૂરી આપી. આ મંજૂરીથી ભારતની રેલવે નેટવર્કમાં 894 કિમીનો વધારો થયો. આ યોજના **મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગુજરાત અને છત્તીસગઢમાં** અમલમાં મૂકવામાં આવી છે.

- ત્રણ અમેરિકી વૈજ્ઞાનિકોને **ક્વોન્ટમ ચીપમાં** અભૂતપૂર્વ ઉપલબ્ધિઓ માટે વર્ષ **2025ના ભૌતિક વિજ્ઞાનનો નોબેલ પુરસ્કાર** આપવામાં આવ્યો. એવોર્ડ વિજેતા **જોન ક્લાર્ક, મિશેલ ડેવોરેટ અને જોન માર્ટિનિસ** કેલિફોર્નિયા યુનિવર્સિટી અને યેલ યુનિવર્સિટી સાથે જોડાયેલા છે. તેમના કાર્યથી ક્વોન્ટમ કમ્પ્યુટર્સ, ક્વોન્ટમ સેન્સર્સ અને ક્વોન્ટમ ક્રિપ્ટોગ્રાફીમાં પ્રગતિનો માર્ગ જોવા મળશે. તેમના પ્રયોગોએ દર્શાવ્યું કે હેન્ડહેલ્ડ જેટલું નાનું વિદ્યુત સર્કિટ ક્વોન્ટમ મિકેનિકલ ટનલિંગ અને ઊર્જા પરિમાણીકરણ પ્રદર્શિત કરી શકે છે. આ શોધે સાબિત કર્યું કે ક્વોન્ટમ અસરો મેક્રોસ્કોપિક સ્કેલ પર અસ્તિત્વમાં હોઈ શકે છે, જેનાથી ભૌતિક પ્રણાલીઓની સમજમાં પરિવર્તન આવ્યું. રોયલ સ્વીડિશ એકેડેમી ઓફ સાયન્સિસે ત્રણેયને તેમના યોગદાન બદલ 11 મિલિયન સ્વીડિશ ક્રોનર એનાયત કર્યા. **ભૌતિકશાસ્ત્રમાં 2024 નોબેલ પુરસ્કાર જોન જે. હોપફિલ્ડ અને જ્યોફ્રી ઇ. હિન્ટનને** એનાયત કરવામાં આવ્યો હતો.

- **પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજના** હેઠળ 5 લાખથી વધુ લોન અરજીઓ મંજૂર કરવામાં આવી. આ યોજનાનો ઉદ્દેશ્ય ઘરોમાં **છત પર સોલાર સિસ્ટમ સ્થાપિત કરવામાં મદદ કરીને સ્વચ્છ અને સસ્તી સૌર ઊર્જાને પ્રોત્સાહન** આપવાનો છે. લાભાર્થીઓને સરળ દસ્તાવેજો સાથે સ્પર્ધાત્મક વ્યાજ દરે ₹ 2 લાખ સુધીની કોલેટરલ-મુક્ત લોન પૂરી પાડવામાં આવે છે.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 11 ટ્રાન્સપોર્ટ ઓપરેટરોને જોડતી ભારતની પ્રથમ સંકલિત જાહેર પરિવહન એપ્લિકેશન **'મુંબઈ વન'** પણ લોન્ચ કરી, જે ડિજિટલ ટિકિટિંગ અને રીઅલ-ટાઇમ મુસાફરી અપડેટ્સની સુવિધા આપશે.

- મણિપુરમાં **મેરા હૌ ચોંગબા ઉત્સવ** ઉજવવામાં આવ્યો, જે પહાડી અને ખીણ સમુદાયો વચ્ચે એકતાનું પ્રતીક છે. મણિપુરના નામાંકિત રાજા અને રાજ્યસભાના સાંસદ મહારાજા **સનાજાઓબા લીશેમ્બાએ** આદિવાસી સરદારોનું ઔપચારિક સ્વાગત કર્યું. આ તહેવાર દર વર્ષે મેઈતેઈ કેલેન્ડરના **મેરા મહિનાના 15મા ચંદ્ર દિવસે** ઉજવવામાં આવે છે. ઉત્સવ દરમિયાન **મેરા મેન ટોંગબા** અને **યેનખોંગ તાંબા** જેવી પરંપરાગત ધાર્મિક વિધિઓ કરવામાં આવી હતી. આ ઉત્સવ આદિવાસી સરદારો અને ખીણના રહેવાસીઓ વચ્ચે ભેટોની આપ-લે ભાઈચારો અને સંવાદિતાનું પ્રતીક છે. મેરા હૌ ચોંગબા મણિપુરનો એકમાત્ર તહેવાર છે જેમાં તમામ આદિવાસી સમુદાયો ભાગ લે છે.

- 8 ઓક્ટોબરના **ભારતીય વાયુસેના દિવસ** ઉજવવામાં આવે છે. ભારતીય વાયુસેના (Indian Air Force) ની સ્થાપના 8 ઑક્ટોબર, 1932ના રોજ થઈ હતી. ભારતીય વાયુસેના આઝાદી પહેલાં **'રોયલ ઈન્ડિયન એરફોર્સ'** તરીકે જાણીતું હતું. તેનું આદર્શ **વાક્ય 'નભઃ સ્પૃશં દીપ્તમ્'છે**. ટેનું વડું મથક **નવી દિલ્હી** છે. વાયુસેનાના વર્તમાન વડા **એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહ** છે.

- 8 ઓક્ટોબરના **વિશ્વ ડિસ્લેકિસયા દિવસ** રોજ મનાવવામાં આવે છે. ડિસ્લેકિસયા એ એક વિશિષ્ટ લર્નિંગ વિકાર છે. જે મુખ્યત્વે વ્યક્તિની વાંચવાની, લખવાની અને જોડણીની ચોક્કસ ક્ષમતાને અસર કરે છે.

- નેશનલ સ્કૂલ્સ ગેમ્સની 69મી આવૃત્તિનું આયોજન **જમ્મુ કાશ્મીર** ખાતે કરવામાં આવ્યું.

- **શુભાંશુ શુક્લા** વિકસિત ભારત **બિલ્ડથોનના** બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત થયા. તેઓ **આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS)ની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય અવકાશયાત્રી** છે. બિલ્ડથોન એ રાષ્ટ્રવ્યાપી નવીનતા અભિયાન છે જે ધોરણ 6થી 12ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ ચાર મુખ્ય થીમ્સ પર કામ કરશે - **આત્મનિર્ભર ભારત, સ્વદેશી, વોકલ ફોર લોકલ અને સમૃદ્ધિ.** આ થીમ્સનો ઉદ્દેશ્ય આત્મનિર્ભરતા, સ્વદેશી નવીનતા, સ્થાનિક ઉદ્યોગોને સમર્થન અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

ફ્રી
સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC
● અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો. 76000 51070

- રસાયણશાસ્ત્રમાં **2025નો નોબેલ પુરસ્કાર સુસુમુ કિતાગાવા, રિચાર્ડ રોબસન અને ઓમર એમ. યાઘીને** એનાયત કરવામાં આવ્યો છે. **મેટલ-ઓર્ગેનિક ફ્રેમવર્કના વિકાસમાં** તેમની અગ્રણી ભૂમિકા બદલ તેમને સન્માનિત કરવામાં આવ્યા છે. તેમણે વિશાળ છિદ્રો સાથે પરમાણુ નેટવર્ક બનાવ્યાં જે વાયુઓ અને વિવિધ રસાયણોની હિલચાલને સમજવા માટે ઉપયોગી બની શકે છે. **2024નો રસાયણશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર ડેવિડ બેકરને 'કોમ્પ્યુટેશનલ પ્રોટીન ડિઝાઇન' માટે અને ડેમિસ હાસાબીસ અને જોન જમ્પરને 'પ્રોટીન સ્ટ્રક્ચર પ્રિડિક્શન'** માટે આપવામાં આવ્યો હતો.

- ઉત્તરપ્રદેશના તમામ 75 જિલ્લાઓમાં સ્વદેશ મેળાનું આયોજન કરવામાં આવ્યું. આ આયોજનનો ઉદ્દેશ્ય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને વેગ આપવાનો અને સ્થાનિક ઉત્પાદનોને વેગ આપવાનો છે.

- મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉત્તર ગુજરાતના મહેસાણા ખાતે પ્રથમવાર વાયબ્રન્ટ ગુજરાત ક્ષેત્રીય સંમેલનનું ઉદ્ઘાટન કર્યું. આમાં જાપાન, દક્ષિણ કોરિયા, વિયેતનામ અને નેધરલેન્ડ જેવા ભાગીદાર દેશો તેમજ વિશ્વ બેંક, JETRO અને રશિયન ફેડરેશન જેવા વૈશ્વિક સંગઠનોએ હાજરી આપી હતી.

- **કેલિફોર્નિયા** દિવાળીને રાજ્ય રજા જાહેર કરનાર અમેરિકાનું ત્રીજું રાજ્ય બન્યું. અગાઉ **પેન્સિલવેનિયા** અને **કનેક્ટિકટ** દ્વારા આ પ્રકારની જાહેરાત કરવામાં આવી હતી. આ બિલ એસેમ્બલી સભ્યો એશ કાલરા અને દર્શના પટેલ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું, જે કેલિફોર્નિયાની વિશાળ દક્ષિણ એશિયાઈ વસ્તીને પ્રતિબિંબિત કરે છે. 2025ના પ્યુ સર્વે મુજબ, કેલિફોર્નિયામાં લગભગ દસ લાખ ભારતીય અમેરિકનો રહે છે, જે યુ.એસ.માં ભારતીય ડાયસ્પોરાના 20% હિસ્સો ધરાવે છે.

- પંજાબ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (PEDA) અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (IISc), બેંગલુરુ વચ્ચે બાયોમાસ, ખાસ કરીને ડાંગરના સ્ટ્રોમાંથી ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદન પર એક પાયલોટ પ્રદર્શન પ્રોજેક્ટ સ્થાપિત કરવા માટે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

- 9 ઓક્ટોબરના રોજ **વિશ્વ ટપાલ દિવસ** મનાવવામાં આવે છે. યુનિવર્સલ પોસ્ટ યુનિયનની સ્થાપના 9 ઑક્ટોબર, 1874ના રોજ સ્વિટ્ઝર્લેન્ડની રાજધાની બર્નમાં કરવામા આવી હતી આથી આ દિવસની યાદમાં 'વિશ્વ પોસ્ટ દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે. જાપાનના ટોકયોમાં યોજાયેલી UPI કોંગ્રેસ દ્વારા 1969 માં તેને વિશ્વ પોસ્ટ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.

- કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'ની 150મી વર્ષગાંઠની ઉજવણી સમગ્ર ભારતમાં કરવાની મંજૂરી આપી. 'વંદે માતરમ' ગીત 1870ના દાયકામાં બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા સંસ્કૃતમાં રચાયું હતું. તે સૌપ્રથમ 1896માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશનમાં ગાવામાં આવ્યું હતું. આ ગીત 1822માં પ્રકાશિત **બંકિમચંદ્રની** સૌથી પ્રખ્યાત નવલકથા **'આનંદ મઠ'માંથી** લેવામાં આવ્યું હતું.

- લંડન સ્થિત ડિજિટલ ફાઇનાન્સ કંપની **રેવોલટ** ભારતમાં તેનું પેમેન્ટ પ્લેટફોર્મ લોન્ચ કરશે. આ માટે **UPI અને વિઝા** સાથે ભાગીદારી દ્વારા કરવામાં આવશે. રેવોલટનો ઉદ્દેશ્ય 2030 સુધીમાં ભારતમાં 20 મિલિયન વપરાશકર્તાઓ સુધી પહોંચવાનો છે. ભારત એકમાત્ર એવો દેશ છે જ્યાં રિવોલટે આટલા નોંધપાત્ર સ્થાનિકીકરણ રોકાણો કર્યાં છે.

- 10 ઓક્ટોબરના રોજ **વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ** ઉજવવામાં આવે છે. 2025ની થીમ 'આપત્તિઓ અને કટોકટીમાં માનસિક સ્વાસ્થ્ય સેવાઓની ઍક્સેસ' છે.

- **પલાઉએ** પ્રથમ લાઈવ પાણીની અંદરના ઇન્ટરવ્યુ સાથે ઇતિહાસ રચ્યો. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય સમુદ્ર સંરક્ષણ અંગે જાગૃતિ લાવવાનો હતો. રાષ્ટ્રપતિ સુરંગેલ વ્હિપ્સ જુનિયરે ઇન્ટરવ્યુમાં પલાઉનું પ્રતિનિધિત્વ કર્યું. તેમની સાથે એસ્ટોનિયન ઓલિમ્પિક તરણવીર અને સમુદ્ર સમર્થક મેર્લે લિવન્ડ પણ હતા. પલાઉ એ પેસિફિક મહાસાગરનો એક ટાપુ રાષ્ટ્ર છે જેમાં લગભગ 340 ટાપુઓ છે. તે ફિલિપાઇન્સની પૂર્વમાં સ્થિત છે. તેની રાજધાની ન્ગેરુલમુડ છે.

- **નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) અને પેપાલ વચ્ચે** સહયોગની જાહેરાત કરવામાં આવી. આ ભાગીદારી હેઠળ, ભારતનું ઇન્સ્ટન્ટ પેમેન્ટ પ્લેટફોર્મ પેપાલ વર્લ્ડ પર લોન્ચ થનાર પ્રથમ હશે, જે વિશ્વભરમાં પેમેન્ટ સિસ્ટમ્સ અને ડિજિટલ વોલેટ્સને જોડતું વૈશ્વિક પ્લેટફોર્મ છે. પેપાલના સીઈઓ એલેક્સ ક્રિસે જણાવ્યું હતું કે તેમનો ધ્યેય વૈશ્વિક ચૂકવણી પ્રણાલીઓને એકીકૃત રીતે જોડવાનો છે.

- હંગેરિયન નવલકથાકાર અને પટકથા લેખક **લાસ્ઝલો ક્રાસ્નાહોર્કાઈને સાહિત્યમાં 2025 નોબેલ પુરસ્કાર એનાયત** કરવામાં આવ્યો. સ્વીડનના સ્ટોકહોમમાં સ્વીડિશ એકેડેમીની નોબેલ સમિતિ દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી. લાસ્ઝલો ક્રાસ્નાહોર્કાઇ મધ્ય યુરોપીય પરંપરામાં એક મહાન મહાકાવ્ય લેખક છે. 2002માં ઈમ્રે કર્ટેઝ પછી આ એવોર્ડ જીતનાર ક્રાસ્ઝનાહોર્કાઈ **બીજા હંગેરિયન** છે. વર્ષ **2024માં સાહિત્યમાં નોબેલ પુરસ્કાર દક્ષિણ કોરિયાના લેખિકા હાન કાંગને** એનાયત કરવામાં આવ્યો હતો. સુલી પ્રુધોમ સાહિત્યમાં નોબેલ પુરસ્કાર જીતનાર પ્રથમ વ્યક્તિ હતા.

- ભારત 8મા આંતરરાષ્ટ્રીય સૌર જોડાણ (ISA) સમિટનું આયોજન કરશે. આ કાર્યક્રમ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાશે. ભારત પાસે પહેલાથી જ તેની કુલ સ્થાપિત વીજળી ક્ષમતાના 50 ટકા બિન-અશ્મિભૂત ઇંધણ સ્ત્રોતોમાંથી છે. ભારત **વિશ્વનો ત્રીજો સૌથી મોટો સૌર ઊર્જા ઉત્પાદક** દેશ છે. તે નવીનીકરણીય ઊર્જા વિકાસ માટે બીજા ક્રમનું સૌથી મોટું બજાર પણ છે. ISA સમિટમાં કુલ 124 દેશો ભાગ લેશે.

- છોકરીઓના અધિકારોને માન્યતા આપવા દર વર્ષે 11 ઓક્ટોબરના રોજ આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ ઉજવવામાં આવે છે. **ભારતમાં** દર વર્ષે **24 જાન્યુઆરીએ** રાષ્ટ્રીય બાલિકા દિવસ ઉજવવામાં આવે છે.

- મહારાષ્ટ્ર સરકારે સ્પેનિશ કંપની ફિરા બાર્સેલોના ઇન્ટરનેશનલ સાથે ભાગીદારી કરી, જેનો ઉદ્દેશ્ય નાગપુરમાં ઉચ્ચ-ગુણવત્તાવાળા કન્વેન્શન સેન્ટર બનાવવાનો છે.

- **નવી દિલ્હી** સ્થિત **AIIMSએ દેશનું પ્રથમ રોબોટિક કિડની ટ્રાન્સપ્લાન્ટ** કર્યું જે ભારતમાં રોબોટિક સહાયિત સર્જરી તરફ એક મોટું પગલું છે. એઇમ્સના કિડની ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાત ડૉ. વીરેન્દ્ર કુમાર બંસલે જણાવ્યું હતું કે રોબોટિક પદ્ધતિ દર્દીઓને ઝડપથી સ્વસ્થ થવામાં મદદ કરે છે. તેમણે કહ્યું કે આમાં પરંપરાગત ઓપન સર્જરી કરતાં રિકવરી ઝડપી છે.

- સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઇન આયુર્વેદિક સાયન્સ (CCRAS) એ શૈક્ષણિક વર્ષ 2025-26 માટે SPARK-4.0 ની જાહેરાત કરી છે. તેનો ઉદ્દેશ્ય તેમના શિક્ષણના પ્રારંભિક તબક્કામાં જિજ્ઞાસા અને સંશોધન કૌશલ્ય વિકસાવવાનો છે. આ કાર્યક્રમ હેઠળ, કુલ 300 BAMS વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવશે. પસંદ કરાયેલા વિદ્યાર્થીને ₹ 50,000ની સંશોધન શિષ્યવૃત્તિ મળશે. SPARK વિદ્યાર્થીઓને વ્યવહારુ સંશોધન અનુભવ પૂરો પાડે છે.

- વેનેઝુએલાના વિપક્ષી નેતા **મારિયા કોરિના મચાડોએ** તેમના દેશમાં લોકશાહી અધિકારોને પ્રોત્સાહન આપવા બદલ વર્ષ **2025નો નોબેલ શાંતિ પુરસ્કાર** મેળવ્યો. મચાડોને વેનેઝુએલામાં આયર્ન લેડી તરીકે પણ ઓળખવામાં આવે છે. ટાઇમ મેગેઝિનની 2025ના 100 સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વર્ષ **2024નો નોબેલ શાંતિ પુરસ્કાર નીહોન હિન્ડાક્યોને** અપાયો હતો.

- અભિનેત્રી **દીપિકા પાદુકોણને** કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના પ્રથમ માનસિક સ્વાસ્થ્ય રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવી. 2015માં અભિનેત્રીએ માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ વિશે જાગૃતિ લાવવા માટે **ધ લાઈવ લાફ લવ ફાઉન્ડેશનની** સ્થાપના કરી.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં ડૉ. આંબેડકર ઇન્ટરનેશનલ સેન્ટર ખાતે RSSના શતાબ્દી સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી અને RSSની 100 વર્ષની યાત્રાને બલિદાન, સેવા અને શિસ્તનું પ્રેરણાદાયક ઉદાહરણ ગણાવ્યું. વડાપ્રધાન દ્વારા એક સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કો બહાર પાડવામાં આવ્યો. નાગરિકોમાં એકતા, શિસ્ત અને સાંસ્કૃતિક જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે, **1925માં ડૉ. કેશવ બલિરામ હેડગેવાર દ્વારા નાગપુરમાં** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરવામાં આવી હતી.

- 11 ઓક્ટોબરના રોજ લોકનાયક જયપ્રકાશ નારાયણની 123મી જન્મજયંતી ઉજવવામાં આવી. તેમનો જન્મ 11 ઓક્ટોબર, 1902ના રોજ થયો હતો અને તેમણે ભારત છોડો આંદોલન,સર્વોદય આંદોલન અને ઇન્દિરા ગાંધી સરકાર વિરુદ્ધ જેપી આંદોલન જેવા મહત્વના આંદોલનમાં સક્રિય રીતે કામગીરી કરી હતી. તેમણે ઇન્દિરા ગાંધીની વિરુદ્ધમાં સંપૂર્ણ ક્રાંતિનું આહ્વાન કર્યું હતું.

- ઓસ્કાર વિજેતા અભિનેત્રી ડાયને **કિટનનું** નિધન થયું. 1978માં, તેણીને 'એની હોલ'માં તેની ભૂમિકા માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો એકેડેમી એવોર્ડ મળ્યો હતો. આ જ ભૂમિકા માટે તેમને ગોલ્ડન ગ્લોબ અને બાફ્ટા એવોર્ડ પણ મળ્યો હતો.

- મહારાષ્ટ્રના પાંચ દરિયાકિનારાઓને **આંતરરાષ્ટ્રીય બ્લુ ફ્લેગ પ્રમાણપત્ર** મળ્યું છે. રાયગઢ જિલ્લાના **શ્રીવર્ધન અને નાગાંવ**, પાલઘર જિલ્લાના **પારનાકાનો**, રત્નાગિરિ જિલ્લાના **ગુહાગર** અને **લાડઘર** દરિયાકિનારાને આ સન્માન મળ્યું છે. પર્યાવરણીય શિક્ષણ ફાઉન્ડેશન બ્લુ ફ્લેગ પ્રમાણપત્ર આપે છે. આ સંસ્થા ડેનમાર્કમાં સ્થિત છે. આ પ્રમાણપત્ર માટે 33 કડક માપદંડો પૂરા કરવા જરૂરી છે. આમાં પર્યાવરણીય સંરક્ષણ, સ્વચ્છતા અને દ્રશ્ય આકર્ષણ જેવા માપદંડોનો સમાવેશ થાય છે.

- ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને પ્યોંગયાંગમાં સૌથી શક્તિશાળી પરમાણુ બેલિસ્ટિક મિસાઇલ, હ્વાસોંગ 20નું અનાવરણ કર્યું. નવી હ્વાસોંગ 20 ઇન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઇલ (ICBM)છે, જેને "સૌથી શક્તિશાળી પરમાણુ વ્યૂહાત્મક શસ્ત્ર પ્રણાલી" તરીકે વર્ણવવામાં આવી છે. કોરિયનમાં **'હ્વાસોંગ' શબ્દનો** અર્થ **'મંગળ'** થાય છે.

- **આર્મેનિયાને** ઇન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (IUCN)ના નવા સભ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું. યુરોપ અને એશિયાના ક્રોસરોડ્સ પર સ્થિત, આર્મેનિયા આલ્પાઇન ઘાસનાં મેદાનો, પર્વતીય જંગલો, અર્ધ-રણ અને મીઠા પાણીના રહેઠાણો જેવી વિવિધ ઇકોસિસ્ટમ્સ ધરાવે છે. આ ભૂમિ દુર્લભ પ્રજાતિઓનું ઘર છે, જેમાં અત્યંત લુપ્તપ્રાય કોકેશિયન ચિત્તો, સ્થાનિક બેઝોઅર બકરી અને સેવન તળાવમાં જોવા મળતા સેવન ટ્રાઉટનો સમાવેશ થાય છે.

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાગાલેન્ડના મોકોકચુંગ જિલ્લામાં **લ્ગુડીકોંગ** ખાતે એકીકૃત એક્વા પાર્ક સ્થાપવા માટે શિલાન્યાસ કર્યો. આ પાર્ક મુખ્યત્વે માછલી અને મત્સ્ય બીજ ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરશે અને નાગાલેન્ડના મત્સ્યઉધોગ ક્ષેત્રને મજબૂત બનાવવામાં પરિવર્તનશીલ ભૂમિકા ભજવશે.

- સેશેલ્સમાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં વિપક્ષી નેતા **પેટ્રિક હર્મિનીએ** જીત મેળવી. પેટ્રિક હર્મિની યુનાઇટેડ સેશેલ્સ પાર્ટીનું પ્રતિનિધિત્વ કરે છે, જેણે 2020માં સત્તા ગુમાવતાં પહેલાં ચાર દાયકા સુધી દેશ પર શાસન કર્યું હતું .

- દર વર્ષે 13 ઓક્ટોબરના રોજ **આંતરરાષ્ટ્રીય આપત્તિ જોખમ ઘટાડા દિવસ** ઉજવવામાં આવે છે. આ વર્ષે, આ દિવસની થીમ **'આપત્તિઓ માટે નહીં, સ્થિતિસ્થાપકતા માટે ભંડોળ એકત્ર કરો'** છે. વર્તમાન આબોહવા અનુમાન મુજબ, 2030 સુધીમાં વિશ્વ દર વર્ષે આશરે 560 આફતોનો સામનો કરશે.

- **શેરી સિંહ** મિસિસ યુનિવર્સ 2025 બની. 48મા મિસિસ યુનિવર્સ સ્પર્ધાનો ભવ્ય સમાપન ફિલિપાઇન્સના મનીલામાં આવેલા વૈભવી **ઓકાડા** ખાતે યોજાયો હતો.

- દર વર્ષે 14 ઓક્ટોબરના **રોજ વિશ્વ માનક દિવસ** ઉજવવામાં આવે છે. 2025માં વિશ્વ ધોરણ દિવસની થીમ 'શ્રેષ્ઠ વિશ્વ માટે વહેંચાયેલ દ્રષ્ટિ: ટકાઉ વિકાસ લક્ષ્યો માટેના ધોરણો' છે. 1947માં ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર સ્ટાન્ડર્ડાઇઝેશન (ISO)ની રચના થઈ હતી.

- 14 ઓક્ટોબરના રોજ **આંતરરાષ્ટ્રીય ઇ વેસ્ટ દિવસ** મનાવવામાં આવે છે. 2025ની થીમ **Recycle Your E-waste – It's Critical** છે.

- **જોએલ મોકિર, ફિલિપ અધિયાન અને પીટર હોવિટને 2025નો અર્થશાસ્ત્રનો નોબેલ** પુરસ્કાર મળ્યો. નવીનતા આર્થિક વિકાસને કેવી રીતે આગળ ધપાવે છે તેના પરના તેમના ક્રાંતિકારી કાર્ય માટે તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમાજો સ્થિરતામાંથી સતત વિકાસ તરફ કેવી રીતે આગળ વધ્યા તે સમજવા માટે જોએલ મોકિરએ ઐતિહાસિક દાખલાઓનો અભ્યાસ કર્યો.

- **માલદીવ** વિશ્વનો પ્રથમ દેશ છે જેણે **માતાથી બાળકમાં HIV, હેપેટાઇટિસ B અને સિફિલિસના ટ્રાન્સમિશનને નાબૂદ કર્યું** છે. વિશ્વ આરોગ્ય સંસ્થા અનુસાર, આ પ્રદેશમાં આશરે 25,000 HIV-પોઝિટિવ સગર્ભા સ્ત્રીઓને તેમના બાળકોને બચાવવા માટે સારવારની જરૂર છે.

- ગૂગલે આંધ્રપ્રદેશમાં ડેટા સેન્ટર અને એઆઇ હબ સ્થાપવા માટે $ 10 બિલિયનના રોકાણ યોજનાની જાહેરાત કરી. ગૂગલ **વિશાખાપટ્ટનમમાં** 1 ગીગાવોટ ડેટા સેન્ટર કેમ્પસ બનાવશે, જે AI ઇન્ફ્રાસ્ટ્રક્ચર, મોટા પાયે ઊર્જા સ્ત્રોતો અને વિસ્તૃત ફાઇબર ઓપ્ટિક નેટવર્કને એકીકૃત કરશે. આ ભારતના ટેકનોલોજી ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં ગૂગલનું અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ છે.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
Crack GPSC easily with...
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

- ભારત બિન-જોડાણવાદી ચળવળ/ગુટનિરપેક્ષ આંદોલન (NAM)ના 19મા મધ્ય-સત્ર મંત્રી પરિષદમાં ભાગ લેશે. આ કાર્યક્રમ **યુગાન્ડાના કમ્પાલામાં** યોજાશે. આ પરિષદનો વિષય છે: વહેંચાયેલ વૈશ્વિક સમૃદ્ધિ માટે સહકારને ગાઢ બનાવવો. ભારત NAMના સ્થાપક સભ્યોમાંનો એક છે.

- **સોનાલી સેન ગુપ્તાએ** RBIમાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (ED) તરીકેનો કાર્યભાર સંભાળ્યો. એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે, તેઓ ગ્રાહક શિક્ષણ અને સુરક્ષા વિભાગનું સંચાલન કરશે. તેઓ નાણાકીય સમાવેશ અને વિકાસ વિભાગ તેમજ નિરીક્ષણ વિભાગનું પણ નેતૃત્વ કરશે.

- ભારતમાં મહિલાઓની કાર્યબળ ભાગીદારીમાં નોંધપાત્ર વધારો થયો છે. આ દર 2017-18માં **23%** હતો જે 2023-24માં વધીને લગભગ **42%** થયાનો અંદાજ છે. વિશ્વ બેંકના ડેટા દર્શાવે છે કે ભારત આ બાબતમાં બ્રિક્સ દેશોમાં આગળ છે. સરકારે કાર્યસ્થળ પર મહિલાઓને ટેકો આપવા માટે અનેક પહેલ શરૂ કરી છે જેના કારણે આ સુધારો જોવા મળ્યો છે. મહિલાઓને હવે સ્પર્ધાત્મક પરીક્ષાઓની ફીમાંથી મુક્તિ આપવામાં આવી છે. તેઓ 730 દિવસની બાળ સંભાળ રજા માટે પણ હકદાર છે. સરકારી નોકરી કરતી મહિલાઓને 180 દિવસની પ્રસૂતિ રજા મળે છે. પતિ-પત્નીને એક જ જગ્યાએ નિયુક્ત કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

- નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (NSD) અને ભોપાલ સ્થિત ભારત ભવન વચ્ચે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ એમઓયુનો ઉદ્દેશ્ય વીસ વર્ષથી વધુ સમયથી નિષ્ક્રિય રંગમંડળ થિયેટરને પુનર્જીવિત કરવાનો છે.

- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ (NSG)ના નવા હબની સ્થાપનાની જાહેરાત કરી. આ નિર્ણયની જાહેરાત NSGના 41મા સ્થાપના દિવસ દરમિયાન કરવામાં આવી હતી. અયોધ્યા હબ ભારતનું **સાતમું હબ** હશે, જે **મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા, હૈદરાબાદ, અમદાવાદ અને જમ્મુમાં હાલના હબ** સાથે જોડાશે.

- ડો. એ. પી. જે અબ્લુદ કલામની યાદમાં 15 ઓક્ટોબરના રોજ **વિશ્વ વિદ્યાર્થી દિવસ** ઉજવવામાં આવે છે. કલામનો જન્મ 15 ઓક્ટોબર, 1931ના રોજ તમિલનાડુના રામેશ્વર ખાતે થયો હતો. તેમનું પૂરૂં નામ **'અબુલ પાકિર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ'**. છે. તેઓ **'મિસાઈલ મેન'** તરીકે જાણીતા છે. તેમણે ભારતના 11મા રાષ્ટ્રપતિ તરીકે વર્ષ 2002થી 2007 સુધી સેવા આપી હતી. તેમણે પદ્મભૂષણ (1941), પદ્મ વિભૂષણ (1990), ભારત રત્ન (1997) જેવા ઉચ્ચ ખિતાબો મેળવ્યા હતા. સંયુકત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2010માં આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.

- સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં **'રેડી, રિલેવન્ટ એન્ડ રિસર્જન્ટ II: શેપિંગ અ ફ્યુચર રેડી ફોર્સ' પુસ્તકનું** વિમોચન કર્યું. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે આ પુસ્તક લખ્યું છે અને ભવિષ્ય માટે તૈયાર સશસ્ત્ર દળને આકાર આપવા માટે એક વ્યાપક દ્રષ્ટિકોણ રજૂ કરે છે. આ પુસ્તક યુદ્ધના બદલાતા સ્વભાવનું વિગતવાર વિશ્લેષણ રજૂ કરે છે, જેમાં સાયબરસ્પેસ, જ્ઞાનાત્મક યુદ્ધ અને અવકાશ-સક્ષમ કામગીરી પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

- **ભારત** 2026-28ના કાર્યકાળ માટે સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ (UNHRC)માં બિનહરીફ ચૂંટાયું, સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદમાં 47 સભ્ય દેશોનો સમાવેશ થાય છે, જે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા

દ્વારા સમાન ભૌગોલિક વિતરણ નિયમો હેઠળ ત્રણ વર્ષના કાર્યકાળ માટે ચૂંટાય છે. કાઉન્સિલની બેઠકો પાંચ પ્રાદેશિક જૂથોમાં વહેંચાયેલી છે - આફ્રિકન દેશો માટે 13, એશિયા-પેસિફિક દેશો માટે 13, પૂર્વી યુરોપિયન દેશો માટે 6, લેટિન અમેરિકન અને કેરેબિયન દેશો માટે 8 અને પશ્ચિમ યુરોપિયન અને અન્ય દેશો માટે 7.

- નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ એલાયન્સ એરની એક નવી પહેલ **'ફેયર સે ફુરસત'** (ભાડાથી રાહત) શરૂ કરી છે. આ યોજના હવાઈ મુસાફરીને વધુ સસ્તું અને બનાવે છે. આ યોજના હેઠળ, બુકિંગની તારીખ, મુસાફરીનો દિવસ ગમે તે હોય, ટિકિટના ભાવ સમાન રહેશે. મુસાફરોના પ્રતિભાવ અને કામગીરીની અસરકારકતા માપવા માટે ટ્રાયલ તબક્કા દરમિયાન તેને પસંદગીના રૂટ પર ચલાવવામાં આવશે. આ પહેલ ઉડાન યોજનાના ઉદ્દેશ્યો સાથે સુસંગત છે. તે મધ્યમ, નિમ્ન-મધ્યમ અને નવ-મધ્યમ વર્ગો માટે હવાઈ મુસાફરીની સુલભતા સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સરકારનો ઉદ્દેશ્ય તમામ નાગરિકો માટે ઉડાનને વધુ સમાવિષ્ટ અને સુલભ બનાવવાનો છે. એલાયન્સ એર એ ભારતની સરકારી માલિકીની પ્રાદેશિક એરલાઇન છે.

